# ભાજપના જયશંકર, જુગલજીએ ઉમેદવારીપત્ર ભર્યું

## ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે જયશંકર અને જુગલજીનું ભવ્ય સ્વાગત કરાયું : જયશંકર ગુજરાતમાંથી સાંસદ બનવા જઈ રહ્યા છે જે ગૌરવની વાત

ગાંધીનગર,તા.૨૫ આગામી ૫ તારીખે ગુજરાતમાં યોજાનાર વાઘાણીની ઉપસ્થિતિમાં નામાંકન દાખલ કર્યુ હતુ. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ઉમેદવારઓ એસ જયશંકરજી તેમજ જુગલજી ઠાકોરનું સ્વાગત કર્યુ હતુ અને નામાંકન પત્ર દાખલ



રાજ્યસભાની ચૂંટણી અંતર્ગત ભાજપાના ઉમેદવાર દેશના વિદેશમંત્રી એસ જયશંકરજી તથા ગુજરાતના યુવા નેતા અને ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી જુગલજી ઠાકોરે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ સરકારના કેબીનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ તથા પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં પ્રદેશ ભાજપા અધ્યક્ષ જીતુ વાઘાણીએ ગુજરાત રાજ્યસભાની ચૂંટણીના ભાજપા કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતનું સૌભાગ્ય છે કે ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા તથા કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડે વિદેશ મંત્રી એસ જયશંકરજી તથા જુગલજી ઠાકોર પર પસંદગીનો કળશ ઢોળ્યો. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, એસ જયશંકરજીએ દેશના વિદેશ સચિવ તરીકે સંપૂર્ણ નિષ્ઠા સાથે દેશને સેવા આપી ચૂક્યા છે અને તેમની વિદેશ બાબતોની સુજબુજથી કોઈ અજાણ નથી. એસ જયશંકરજીએ અનેક દેશોમાં ભારતીય દુતાવાસમાં એમ્બેસેડર તરીકે ૩૦ વર્ષ જેટલો વર્ષો સુધી જવાબદારી નિભાવી છે. એસ જયશંકરજી ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ બનવા જઈ રહ્યા છે તે સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતના યુવા નેતા અને ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી જુગલજી ઠાકોર રાજ્યસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને યુવાસાંસદ તરીકે ગુજરાતના પ્રશ્નો સંસદમાં પહોંચાડશે. દેશના વિદેશ મંત્રી એસ જયશંકરજીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષોની ભૂમિ એવા ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણીમાં નામાંકન દાખલ કરવા બદલ હું પોતાની જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું અને સમગ્ર કેન્દ્રીય નેતૃત્વનો મને ઉમેદવા બનાવવા બદલ હદયપૂર્વક આભાર વ્યક્ત કરુ છું તેમજ ગુજરાત ભાજપામાંથી મને મળેલા અભૂતપૂર્વ આવકાર બદલ ગુજરાત ભાજપાને ધન્યવાદ પાઠવું છું. એસ જયશંકરજીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતીઓ સાથે મારો નાતો વર્ષો જુનો છે. ગુજરાતી એ એક ગ્લોબલ કોમ્યુનિટી છે. મેં મારી કારકીર્દી દરમ્યાન વિવિધ દેશોમાં કાર્યો કર્યા તે દરમ્યાન પ્રત્યેક દેશમાં ગુજરાતીઓ સાથે સમય ગાળવાનો અવસર મળ્યો છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રારંભ કરાયેલ વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટથી છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતનું ગ્લોબલ ઈકોનોમી સાથે કનેકશન વધ્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનકાળમાં દેશની પ્રતિષ્ઠા વૈશ્વિક સ્તરે વધી છે. ગુજરાત રાજ્યસભાના સાંસદ તરીકે ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવા માટે મહત્તમ યોગદાન આપીશ તેમ એસ જયશંકરજીએ અંતમાં જણાવ્યુ હતુ. જુગલજી ઠાકોરે જણાવ્યુ હતુ કે, રાજ્યસભાની ચૂંટણીમાં મને ભાજપાના ઉમેદવાર બનાવવા બદલ ભાજપા કેન્દ્રીય નેતૃત્વ અને ગુજરાત ભાજપાનો આભારી છું. હું ગુજરાતના હિત માટે રાજ્યસભાના સાંસદ તરીકે ભાજપાએ સોંપેલ જવાબદારી સંપૂર્ણ નિષ્ઠા સાથે નિભાવીશ તેમ શ્રી જુગલજીએ જણાવ્યુ હતુ.

# રાજયસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષમાં ભારે નિરાશા

## ચંદ્રિકાબહેન ચુડાસમા અને ગૌરવ પંડયા મેદાને

ગાંધીનગર,તા. ૨૫ રાજયસભાની બે બેઠકો માટે પાંચમી જૂલાઈના રોજ યોજાનારી ચૂંટણીને લઈ ભાજપે પોતાના ચૂંટણી હવે માત્ર એક ઔપચારિકતા બનીને રહી ગઈ છે તો, ભાજપની જીત મહદ્અંશે નિશ્ચિત મનાઈ રહી છે. જો કે, સુપ્રીમકોર્ટમાંથી મળેલા રાજયસભાની ચૂંટણીને લઈ ગૌરવ પંડયા, ચંદ્રિકાબહેન ચુડાસમા, ડો.મનીષ દોશી, બાલુભાઈ પટેલ અને કરસનદાસ સોનેરી એમ પાંચ



નામની યાદી કોંગી હાઈકમાન્ડને મોકલી અપાઈ હતી, જેમાંથી આખરે કોંગ્રેસ તરફથી ચંદ્રિકાબહેન ચુડાસમા અને ગૌરવ પંડયાના નામોને બહાલ કરી તેમને રાજયસભાની ચૂંટણી માટે મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. કોંગ્રેસના આ બંને ઉમેદવારોએ પણ વિધિવત્ રીતે આજે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. સુપ્રીમકોર્ટમાંથી આજે મોટો ઝટકો મળ્યા બાદ કોંગ્રેસની છાવણીમાં નિરાશા છવાઈ ગઈ હતી કારણ કે, ગુજરાત કોંગ્રેસ માટે રાજયસભાની બંને બેઠકોની ચૂંટણી હવે માત્ર ઔપચારિકતા બનીને રહી ગઈ છે.

ઉમેદવારો જાહેર કર્યા બાદ કોંગ્રેસે પણ છેલ્લી ઘડીયે તેના બે ઉમેદવારો ચંદ્રિકાબહેન ચુડાસમા અને ગૌરવ પંડયાના નામોની જાહેરાત કરી હતી. બીજીબાજુ, રાજયસભાની બંને બેઠકોની ચૂંટણી અલગ અલગ યોજવાના કેન્દ્રીય ચૂંટણી પંચના જાહેરનામાને પડકારતી કોંગ્રેસ દ્વારા સુપ્રીમકોર્ટમાં કરાયેલી પિટિશનમાં આજે સુપ્રીમકોર્ટે કોંગ્રેસને બહુ મોટો ઝટકો આપ્યો હતો અને ચૂંટણી પંચના નિર્ણયને બહાલ રાખ્યો હતો. જેને પગલે હવે રાજયસભાની બંને બેઠકોની ચૂંટણી અલગ-અલગ યોજાશે, પરિણામે, કોંગ્રેસ માટે આ ઝટકાના કારણે આજે કોંગ્રેસમાં ભારે હતાશા અને નિરાશાનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. રાજયસભાની ચૂંટણીને લઈ હવે કોંગ્રેસ હાઈકમાન્ડ શું નિર્ણય કરે છે અથવા તો કોઈ પ્રતિક્રિયા આપે છે કે કેમ તેની પર પણ સૌની નજર મંડાઈ છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાંજે વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીના નેતૃત્વ હેઠળ ગાંધીનગર ખાતે કોંગ્રેસના ધારાસભ્યોની એક મહત્વની બેઠક યોજાઈ હતી, જેમાં રાજયસભાના સાંસદ એહમદ પટેલે ધારાસભ્યોને વિધાનસભા બજેટસત્રને લઈ માર્ગદર્શન આપ્યું હતું તો, બેઠકમાં

### ચેતવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વણવપરાયેલી રકમ પરત ખેંચી લેવાની ચેતવણી આપી છે.

મળતી વિગતો પ્રમાણે ઘણા ધારાસભ્યો દ્વારા આ માટે સરકારમાં પણ તીખી રજુઆતો કરવામાં આવી હતી આથી સરકારે ના છૂટકે આ નિર્ણય લીધો હોવાનું બહાર આવવા પામ્યું છે.

બીજી તરફ એવી પણ સચિવાલયમાં ચર્ચા ચાલી રહી છે કે જિલ્લાઓમાં જે વિવિધ ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવે છે તે બેવડાતી જોવા મળી રહી છે અને તેથી સરકારી તંત્રમાં વિકાસના કામો કઈ ગ્રાન્ટમાંથી કરવા તેની દ્વિધા ચાલતી હોય છે. ઘણા બધા જિલ્લાઓમાં એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટમાંથી હજુ કામો શરૂ થયા જ નથી અને કેટલાય વર્ષોથી આમ ચાલ્યા જ કરે છે. આ માટેનું જે અલાયદુ તંત્ર ઉભુ કરવાની વાત હતી તે વાત પણ ખોરંભે પડી છે તેથી સરકાર આગામી બજેટમાં કેટલીક મહત્વની જાહેરાતો નાણાંકીય શિસ્તને લઈ કરે તેવી શક્યતાઓ છે.

### અલગ ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના ૭૧ ધારાસભ્ય છે જેથી બંને સીટો ઉપર જીતવાની બાબત તેના માટે ખુબ મુશ્કેલરુપ બની ગઈ છે. આ પહેલા ૨૦૧૭માં કોંગ્રેસને ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી દરમિયાન ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે, ભાજપે તેના ધારાસભ્યોની વચ્ચે જોરદાર ઘુસણખોરી કરી હતી. અહેમદ પટેલ ચૂંટણી જીતી ગયા હતા પરંતુ આના માટે કોંગ્રેસને પોતાના ધારાસભ્યોને કર્ણાટકના રિસોર્ટમાં રાખવાની ફરજ પડી હતી. જો કોંગ્રેસના એક ધારાસભ્યના મતને રદ કરવામાં ન આવ્યો હોત તો અહેમદ પટેલ પણ ચૂંટણી હારી ગયા હોત. રાજ્યસભાની સીટો બંને પાર્ટીઓ માટે ખુબ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને મહત્વપૂર્ણ બિલ પર વોટિંગના સમયે આ બાબત મહત્વપૂર્ણ બની રહે છે.

ચૂંટણી પંચે રાજ્યસભાની ખાલી થયેલી છ સીટો ઉપર પાંચમી જુલાઈના દિવસે મતદાન યોજવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, રાજ્યસભા સહિત બંને ગૃહોની તમામ ખાલી જગ્યાઓ માટે પેટાચૂંટણી માટે તેમને અલગ અલગ જગ્યા ગણવામાં આવશે. અલગ અલગ જાહેરનામુ જારી કરવામાં આવશે. ચૂંટણી પણ અલગ અલગરીતે થશે. કાર્યક્રમ એક સમાન હોઈ શકે છે. ચૂંટણી પંચે દિલ્હી હાઈકોર્ટમાં ૧૯૯૪ અને ૨૦૦૯ના ચુકાદાનો ઉલ્લેખ કર્યો છે. તેના ફેંસલાને સમર્થન પણ કર્યું છે. કોંગ્રેસ પાર્ટી તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, હાઈકોર્ટના ચુકાદા આ મામલામાં લાગૂ થતાં નથી.

### રદ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્યની દ્રષ્ટિએ વિમાની યાત્રા કરવામાં સંક્ષમ છે કે કેમ. કોર્ટે ચોકસીના વકીલોને આ સુધી હીરા કારોબારીના મેડિકલ રિપોર્ટને રજુ કરવા આદેશ કર્યો હતો. હવે મુંબઈ હાઈકોર્ટે આ મામલાની સુનાવણી ૧૦મી જુલાઈના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. નિષ્ણાંતોની ટીમ ૯મી જુલાઈના દિવસે રિપોર્ટ સુપ્રત કરશે. ફરાર કારોબારી આરોગ્યને રજુ કરીને મામલાની તપાસમાં ભાગ લેવા ઈન્કાર કર્યો હતો.

